અપીલ અરજી નં.૧૫ તા.૧૩–૪–૦૯/૧૦

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ

સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની આઈ ડી.નં.૧૩૯૯ તા.૯–૩–૦૯ ની અરજીથી સૈયદપુરા,પારસી ટેકરો સિલ્વર ફેબ્રીકેશનની બાજુમાં વોર્ડ નં.૭ નોંધ નં.૭૨૮, વાળ ી જગ્યાના માલિકનું નામ, સરનામું, પ્લાન કોના નામે પાસ થયું? અને કયા અધિકારીએ પાસ કર્યુ? તારીખ સહિતની માહિતી, પાર્કીગની જગ્યા છોડી છે ખરી? અને કેટલી?, ગેરકાયદેસર બાંધકામ કેટલું? વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧૫/૨૦૦૯–૧૦

શ્રી ગુલામભાઈ મેમણની આઈ ડી.નં.૧૩૯૯ તા.૯–૩–૦૯ ની અરજીથી સૈયદપુરા,પારસી ટેકરો સિલ્વર ફેબ્રીકેશનની બાજુમા વોર્ડ નં.૭ નોંધ નં.૭૨૮, વાળી જગ્યાના માલિકનું નામ, સરનામું, પ્લાન કોના નામે પાસ થયું? અને કયા અધિકારીએ પાસ કર્યુ? તારીખ સહિતની માહિતી, પાર્કીગની જગ્યા છોડી છે ખરી? અને કેટલી?, ગેરકાયદેસર બાંધકામ કેટલું? વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૭ તા.૬–૪–૦૯ થી હાલમાં કોઈ બાંધકામ થયેલું રેકર્ડ ઉપર નથી તેવા મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૨ તા.૨૨–૪–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને દાવાના સમર્થનમાં આધાર અને વાજબીપણું રજુ કરવા અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/૧૩૬ તા.૬–૫–૦૯ થી અત્રેના વિભાગને નોંધ વિભાગની પૂરક માહિતી મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે તક આપવા છતાં આધાર કે વાજબીપણાના દાવાના સમર્થનમાં કોઈ આધાર પુરાવા રજૂ કરેલ નથી.

અરજદારની તા.૯–૩–૦૯ ની અરજીથી વોર્ડ નં.૭ નોંધ નં.૭૨૮, વાળી જગ્યાના માલિકનું નામ, સરનામું, પ્લાન કોના નામે પાસ થયું? અને કયા અધિકારીએ પાસ કર્યુ? તારીખ સહિતની માહિતી, પાર્કીગની જગ્યા છોડી છે ખરી? અને કેટલી?, ગેરકાયદેસર બાંધકામ કેટલું? વિગેરેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને શહેર વિકાસ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સી.ઝેડ/આરટીઆઈ/આં.નં.૧૭ તા.૬–૪–૦૯ થી અરજદારને સદર મિલ્કતમાં હાલમાં કોઈ નવું બાંધકામ ચાલતું હોવાની વિગત અત્રેના રેકર્ડ ઉપર હોવાનું જણાતી નથી તેવું જણાવેલ. જેના સંદર્ભે અરજદારે ૭૨૮ વાળ ી જગ્યા પર હાલમાં થયેલ બાંધકામ રેકર્ડ ઉપર નથી, શું કોઈ વ્યકિત ગેરકાયદેસર બાંધકામ કરતું હોય તે રેકર્ડ ઉપર મળે? જેની તપાસ કરી તેની માહિતી પૂરી પાડવા અને ખોટી માહિતી આપવા બદલ પગલા લેવા તેવી રજૂઆત અપીલમાં કરવામાં આવેલ છે. અરજદારે માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી તરફથી નંબર આધારીત અને રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામા આવેલ છે. વધુમાં નોંધ વિભાગની પૂરક માહિતીમાં " અરજદારે કરેલ જગ્યાનું વર્ણન પર સૂચવેલ ૭/૭૨૮ ની મિલ્કત આવેલ નથી પરંતુ અન્ય જગ્યાએ રોહિત ફળીયામાં આવેલ છે તથા તે જગ્યા ઉપર ખુલ્લો પ્લોટ છે અને સ્થળ ઉપર કોઈ બાંધકામ થયેલ નથી" તેવી વિગત પણ જણાવવામાં આવેલ છે. આથી અરજદારની માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પડાયેલ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૩–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી અરજદારે કરેલ જગ્યાનું વર્ણન, સૂચવેલ મિલ્કત નંબરની રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળની મિલ્કતના સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૫ – ૦૯

ડે.***કમિશનર(જનરલ),***

***અને એપેલેટ ઓફિસર***

***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ગુલામભાઈ મેમણ, સાગર હોટલની પાસે, ચોક બજાર, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.